# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

પરિવહન ખાતું, મધ્યસ્થ કચેરી, રાણીપ, અમદાવાદ

E-mail: comgsrtc@gmail.com

તા.૨૩/૧૦/૨૦૨૪

નં.ગુરામા/પરિ/વાણી./દિવ્યાંગ/૯૪૬

**ખાસ અગત્યનું / સમયમર્યાદા**

પ્રતિ,

વિભાગીય નિયામકશ્રી

એસ.ટી. અમદાવાદ,અમરેલી, વડોદરા, ભરૂચ, ભૂજ, ભાવનગર, ગોધરા,

હિંમતનગર, મહેસાણા, પાલનપુર, જામનગર, જૂનાગઢ, રાજકોટ, નડીયાદ, સુરત, વલસાડ.

વિષય:-નિગમ દ્વારા કરવામાં આવતા એક્સ્ટ્રા સંચાલન બસોમાં દિવ્યાંગ વ્યક્તિઓને મુસાફરી કરવા દેવા બાબત.

સંદર્ભ: નં.ગુરામા/વાણી/દિવ્યાંગ-રા.યો./ગ/૧૧૮૪/૧૮૪૯૯,તા.૦૭/૦૯/૨૦૨૨.
(પરિપત્ર ક્રમાંક:૦૪/૨૨)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, નિગમ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓને નિગમની તમામ પ્રીમીયમ / નોન પ્રીમીયમ બસોમાં વિનામૂલ્યે મુસાફરીની સગવડ આપવા અંગેની યોજના અમલમાં છે. જેનો દિવ્યાંગ મુસાફરો દ્વારા બહોળા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે તથા દિવ્યાંગ મુસાફરોને જરૂરી માન-સન્માન તેમજ જીવન જરૂરિયાતની સુવિધાઓ યોગ્ય રીતે મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા પણ વર્ષ-૨૦૧૬ થી "THE RIGHT OF PERSON WITH DISABILITY ACT 2016" અમલમાં મુકવામાં આવેલ છે. જે કાયદાની જોગવાઈઓનુ નિગમ દ્વારા યોગ્ય અમલ તેમજ પાલન કરવાનું રહે છે. જે બાબતે નિગમ દ્વારા અવારનવાર દિવ્યાંગ મુસાફરોની રજુઆતો બાબતે લેખિત તેમજ મૌખિક સૂચનાઓ વિભાગોને પાઠવવામાં આવે છે.

તાજેતરમાં દિવ્યાંગ અરજદારો દ્વારા અત્રે તેમજ ઉચ્ચ કક્ષાએ વિવિધ રજુઆતો કરવામાં આવેલ છે. જેમાં નિગમ દ્વારા તહેવારો દરમ્યાન પ્રસંગોપાત મુસાફરોના ટ્રાફિક પ્રમાણને ધ્યાને લઇ એક્સ્ટ્રા સંચાલન હાથ ધરવામાં આવે છે જેમાં દિવ્યાંગ મુસાફર પાસ તેમજ અન્ય કોઈ પાસ ચલાવવામાં આવતો ન હોવા અંગેની રજુઆતો કરવામાં આવેલ છે.

સદર બાબતે નિગમને દિવ્યાંગ મુસાફરીના ભાડાની થતી રકમ સમાજ સુરક્ષા ખાતા તરફથી મળવા પામે છે. જેથી વિભાગો દ્વારા પ્રસંગોપાત / વાર-તહેવારો દરમ્યાન કરવામાં આવતા એક્સ્ટ્રા સંચાલનમાં હાલના પ્રસ્થાપિત નીતિ નિયમો મુજબ દિવ્યાંગોને મુસાફરી કરવા દેવાની રહેશે. આ બાબતે ભવિષ્યમાં કોઈ ફરિયાદ ઉપસ્થિત ન થાય તે બાબતને ધ્યાને લઇ સંચાલન સાથે સંકળાયેલા તમામ સ્ટાફ તથા લાઈન ચેકિંગ સ્ટાફને જાણ કરી સદર સૂચનાનો ચુસ્તપણે અમલ કરવા જણાવાય છે.

મુખ્ય પરિવહન અને વાણીજ્ય વ્યવસ્થાપક

ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ

ન.સ.રવાના :-પ્રતિશ્રી, અંગત મદદનીશશ્રી, માન.એમ.ડી.સાહેબશ્રીના કાર્યાલય તરફ જાણ સારું.

ન.સ.રવાના :-પ્રતિશ્રી, અંગત મદદનીશશ્રી, માન.મુખ્ય વ્યવસ્થાપકશ્રી(ઓપ)ના કાર્યાલય તરફ જાણ સારું.

ન.સ.રવાના :-પ્રતિશ્રી, મુખ્ય તાલીમ, મોનીટરીંગ અને ઓડીટ મેનેજરશ્રી,મધ્યસ્થ કચેરી રાણીપ તરફ જાણ સારું.

ન.સ. રવાના :-પ્રતિ, ઈ.ડી.પી. મેનેજરશ્રી, ગુ.રા.મા.વા.વ્ય.નિગમ મ. ક. રાણીપ તરફ જાણ તેમજ ઉક્ત રજૂઆત અંગે આપની કક્ષાએથી ઈ.બી.ટી.એમ / સોફ્ટવેરમાં જરૂરી સુધારા વધારા કરવા સારું.